# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૫ તા. ૦૭-૦૯-૨૦૨૦

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'શાળાઓમાં ઉજાસભણી .... 'કાર્યક્રમના અમલીકરણ કરવા બાબત.

સંદર્ભ :- જા.નં.એસએસએ/ગર્લ્સ એજ્યુ/૨૦૨૦/તા.૦૪-૦૯-૨૦૨૦

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કિશોરાવ્યથાનું જ્ઞાન મળે તે હેતુસર ઉજાસભણી... કાર્યક્રમ કરવામાં આવે છે. શાળાઓમાં આ કાર્યક્રમના અમલીકરણ માટે ચાર દિવસીય વેબિનારનું આયોજન તા.૮-૯-૨૦૨૦ થી તા.૧૧-૯-૨૦૨૦ દરમ્યાન આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ કરવામાં આવેલ છે. તો તેમાં સંદર્ભિત બિડાણ પત્રમાં દર્શાવ્યા મુજબ ધોરણ ૬ થી ૮ના તમામ શિક્ષકોએ ડીજીટલ પ્લેટફોર્મથી જોડાવવાનું રહેશે.

નોંધ :- 'શાળાઓમાં ઉજાસભણી .... 'કાર્યક્રમ અંતર્ગત યુ.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા દરરોજ લીંક મોકલી આપવામાં આવશે. જેના દ્વારા શિક્ષકોએ તાલીમમાં જોડાવવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૭-૦૯-૨૦૨૦

ડૉ. એલ. ડી. દેસાઈ<br>
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સ: ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

નં. એસએસએ/ગ.એ./એડોલેશન્ટ એજયુ./૨૦૧૮/૪૦/૨૮૫૭૯-૬૪૮

તા.૨૯/૮/૨૦૨૦

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા : તમામ
(૨) જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સમગ્ર શિક્ષા, જિલ્લા પંચાયત સમિતિ, જિલ્લા : તમામ
(૩) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરશ્રી અને શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સમગ્ર શિક્ષા, મહાનગરપાલિકા : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

વિષય : શાળાઓમાં ઉજાસ ભણી... કાર્યક્રમના અમલીકરણ કરવા બાબત
સંદર્ભ : નોંધ પર માન. એસ.પી.ડી.શ્રીની મળેલ મંજુરી અન્વયે

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કિશોરાવસ્થાનું જ્ઞાન મળે તે હેતુસર વર્ષ ૨૦૧૮-૧૯ થી ઉજાસ ભણી.... ("એડોલેશન્ટ એજ્યુકેશન પ્રોગ્રામ") કાર્યક્રમ કરવામાં આવે છે. ચાલુ વર્ષે શાળાઓમાં આ કાર્યક્રમના અમલીકરણ માટે રાજ્ય કક્ષાથી ૪ (ચાર) દિવસીય વેબિનારનું આયોજન કરવામાં આવેલ. જેમાં જુદા જુદા વિભાગો સાથે સંકલન કરી તજજ્ઞ દ્વારા નીચે મુજબના વિષયો પર વેબિનારથી ચર્ચા કરવામાં આવી.

- Introduction of Adolescence education program
- Impact of COVID in Adolescence and Nutritional Crisis in Pandemic
- MHM and Hygiene during COVID-19 Pandemic
- Career Guidance at Adolescence
- Rights of the Children's in the light of UNCRC
- Online safety: Role of parents and teachers
- Child Sexual Abuse and POCSO act-2012

રાજ્ય કક્ષાના વેબિનારથી પ્રેરિત થઈ સદર કાર્યક્રમ જિલ્લા કક્ષાએ કરવાનું થાય છે. જે માટે આ મુજબનું આયોજન આપની કક્ષાએથી કરવાનું રહેશે.

- ૨૦, સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીમાં ઓનલાઈન તાલીમ પૂરી કરવાની રહેશે.
- તાલીમનો લાભ સરકારી ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના બાળકો ઉપરાંત સ્કુલ, મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ, કે.જી.બી.વી.ની દીકરીઓ તેમજ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના બાળકોને પણ મળે તેવું આયોજન કરવું.

- રાજ્ય કક્ષાએથી તાલીમ મેળવેલ માસ્ટર ટ્રેનર ઉપરાંત ઉચ્ચ પ્રાથમિક શાળાના તેમજ માધ્યમિક શાળાના શિક્ષકો અને જિલ્લા કક્ષાના તાલીમના વિષય જાણકાર દ્વારા સદર તાલીમ અપાવવી.
- તાલીમમાં વડી કચેરીએથી સોફ્ટકોપીમાં પૂરા પડાયેલ સાહિત્ય ઉપરાંત જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ જરૂરી સાહિત્યનો પણ ઉપયોગ કરવો.
- જિલ્લા કક્ષાની તાલીમનું આયોજન તા.૧૭.૦૯.૨૦૨૦ સુધીમાં રાજય કક્ષાએ મોકલી આપવાનું રહેશે. તેમજ કાર્યક્રમની લીંક પણ મોકલવાની રહેશે.
- જિલ્લા કક્ષાની તાલીમ પૂર્ણ થયા બાદ શિક્ષકો દ્વારા ત્રીજા તબકકાની તાલીમ શાળાના બાળકો સાથે શકય હોય તો ડીઝીટલ પ્લેટફોર્મથી યોજી શકાય.
- તાલીમમાં શક્ય હોય તો બાળકના માતા-પિતાને પણ જોડાવવા જણાવવું.

શાળાઓ શરૂ થયેથી શાળાઓમાં પણ સદર કાર્યક્રમ કરવાની તૈયારી રાખવાની રહેશે.

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
**સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર**

<u>બિડાણ</u> : સાહિત્ય (ઇ-મેઇલ દ્વારા)

<u>નકલ રવાના જાણ તથા કાર્યવાહી અર્થે :</u>

– મદદનીશ જિલ્લા કો. ઓ. - ગર્લ્સ એજ્યુકેશન, જિલ્લા અને કોર્પોરેશન તમામ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

સમગ્ર શિક્ષાં કચેરી
જિલ્લા પંચાયત, ૪થો માળ
લાલદરવાજા, ભદ્ર, અમદાવાદ
ફોન (ઓ) : ૦૭૯–૨૫૫૧૧૩૪૯,
હેલ્પ લાઈન નં.૧૮૦૦ ૨૩૩ ૦૩૬૬.

જા.નં. એસએસએ/ગર્લ્સ એજયુ./૨૦૨૦/ તા.૦૪/૦૯/૨૦૨૦

પ્રતિ,
બીઆરસી કો.ઓર્ડિનેટરશ્રી,
તાલુકો–તમામ
જિ.અમદાવાદ.

**વિષયઃ– શાળાઓમાં ઉજાસભણી... કાર્યક્રમના અમલીકરણ કરવા બાબત.**
**સંદર્ભ :– તા.૨૯/૦૮/૨૦૨૦ ના એસપીઓ કચેરીના પત્ર ક્રમાંક નં.એસએસએ/ગ.એ/એડોલેશન્ટ/ ૨૦૧૮/૪૦/૨૮૫૭૮–૬૪૮ અન્વયે.**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જિલ્લાની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કિશોરાવસ્થાનું જ્ઞાન મળે તે હેતુસર વર્ષ ૨૦૧૮–૧૯ થી ઉજાસ ભણી....("એડોલેશન્ટ એજયુકેશન પ્રોગ્રામ") કાર્યક્રમ કરવામાં આવે છે. ચાલુ વર્ષે શાળાઓમાં આ કાર્યક્રમના અમલીકરણ માટે રાજય કક્ષાથી ૪ (ચાર) દિવસીય વેબિનારનું આયોજન કરવામાં આવેલ.

જે મુજબ રાજય કક્ષાએથી તાલીમ મેળવેલ માસ્ટર ટ્રેનર ધ્વારા જિલ્લાના તમામ તાલુકાના સરકારી ઉચ્ચ પ્રાથમિક અને માદયમિક શાળાના શિક્ષકો ઉપરાંત કે.જી.બી.વી,મોડેલ સ્કુલ, તેમજ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના શિક્ષકોને પણ આ તાલીમનો લાભ મળે તેવુ આયોજન કરવું. જિલ્લા કક્ષાએથી તા. ૮/૦૯/૨૦૨૦ થી ૧૧/૦૯/૨૦૨૦ સુધી તાલીમ આપવામાં આવનાર હોઈ જેનુ આયોજન આ સાથે સામેલ છે.

- આ તાલીમ પૂર્ણ થયા બાદ શિક્ષકો ધ્વારા ત્રીજા તબકકાની તાલીમ શાળાના બાળકો સાથે શકય હોય તો ડીઝીટલ પ્લેટફોર્મથી યોજી શકાય.
- તાલીમનો લાભ સરકારી ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના બાળકો ઉપરાંત સ્કુલ, મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ, કેજીબીવીની દિકરીઓ તેમજ ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાના બાળકોને આપવાની રહશે.
- તાલીમમાં જિલ્લા કચેરીએથી સોફટકોપીમાં પૂરા પડાયેલ સાહિત્ય ઉપરાંત શિક્ષકો પાસે ઉપલબ્ધ જરૂરી સાહિત્યનો પણ ઉપયોગ કરવો.
- આ કાર્યક્રમ માટે દરરોજ લીક પણ આપવામાં આવશે જે સમયસર શાળા કક્ષાએ શિક્ષકો સુધી મોકલી આપવા ની જવાબદારી જે તે તાલુકાના બી.આ.સી કોઓ અને સી.આર.સી કો ની રહેશે.
- તાલીમમાં શકય હોય તો બાળકના માતા–પિતાને પણ જોડાવવા જણાવવું.

શાળાઓ શરૂ થયેથી શાળાઓમાં પણ સદર કાર્યક્રમ કરવાની તૈયારી રાખવાની રહેશે.

## ઉજાસ ભણી (UJAS BHANI ) Empowering

| DATE | TIME | TOPIC | SPEAKER |
|---|---|---|---|
| 08-09-2020 | 10.30 TO 10.45 | Introduction Of Adolescent Education Program (AEP) | Ms.Kajal Shrivastav ,Office Incharge,Gender,Girls Education,Samagra Shiksha Ahmedabad |
| | 10.45 TO 12.30 | Impact Of Covid On Adalescents And Nutritional Crisis In Pandemic | Hasmukhbhai J Vaghela Crc.co detroj and Dipikaben R Rathod , Allis-6 ahmedabad |
| 09-09-2020 | 10.30 TO 11.30 | Mhm And Hygiene During Covid 19 Pandemic | Trupatiben Vagela Branch Kumar shala Baval |
| | 11.30 TO 12.30 | Career Guidence For Adolescents | Rajubhai Patel Crc.co.Nava Naroda |
| 10-09-2020 | 10.30 TO 11.30 | Rights Of The Children In The Light Of Uncrc | Gangarambhai S.Makvana Ranip-2 Pri School |
| | 11.30 TO 12.30 | Online Safety: Role Of Patrents And Teachers | Aswinbhai K Jinjuvadiya Amriwadi Guj 1 |
| 11-09-2020 | 10.30 TO 11.30 | Pocso Act 2012 | Belaben K Trivedi Nava Vadaj-9 Pri School |
| | 11.30 TO 12.30 | Child Sexual Abuse | Mineshbhai Valand Valinda Pri School ,Dholera |

(ડૉ એમ.એન.પટેલ)
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા અભિયાન
અમદાવાદ

નકલ સવિનયરવાના:–(૧) માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,એસએસએ કચેરી, સેકટર–૧૭, ગાંધીનગર
તરફ જાણ સારૂ.
(૨) સ્ટેટ ઓ.આઈ.સી.,ગર્લ્સ એજયુકેશન,એસએસએ કચેરી,સેકટર–૧૭, ગાંધીનગર
તરફ જાણ સારૂ.